ગાંધીનગર સમાચાર

સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલય બાંધવામાં માત્ર ૨૧ ટકા જ કામગીરી









તપસ્વીઓનો વરઘોડો - પર્યુષણ પર્વ દરમિયાન ઉગ્ર તપ-આરાધના કરનાર તપસ્વીઓનો વરઘોડો સેક્ટર-૨૨ જૈન દેરાસરથી નિકળ્યો હતો... યાત્રાના પ્રારંભે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહે આચાર્ય નરરત્નસૂરિશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે મેયર પ્રવીણભાઈ પટેલ તથા જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાની ૧૦૦ પંચાયતોમાં વેરા વસુલીની આવકમાં ઘટાડો

## પરફોમન્સ ગ્રાન્ટ માટેની દરખાસ્તો સમયસર મોકલી આપવા માટે તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ જેટલા ગામો એવા છે જેમાં ૨૦૧૩-૧૪ની તુલનામાં ૨૦૧૪-૧૫માં વેરા વસુલાતની આવકમાં ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લાના ત્રણસો ગામોના લોકલ ફંડના ઓડિટરો દ્વારા કરાયેલા ઓડિટના તારણોમાં આ હકીકતો બહાર આવવા પામી છે. દહેગામ, ગાંધીનગર, કલોલ અને માણસા તાલુકામાં વહેંચાયેલ જિલ્લાના ગામોમાં વેરા વસુલીની કામગીરી નબળી રહી છે. તાજેતરમાં પુરા થયેલા નાણાંકીય વર્ષમાં પણ મહેસુલી વેરાઓની વસુલીમાં નબળી કામગીરી જણાઈ છે તે ઉલ્લેખનીય છે.

જે પંચાયતોની વેરા વસુલાતમાં વધારો થયો છે તેવી પંચાયતો માટે પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા અંગેની દરખાસ્તો ઝડપથી મોકલી આપવામાં આવે તેવી સૂચના જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તંત્રના અધિકારીઓને પણ આપી છે.

૧૪મા નાણાં પંચમાં વેરાવસુલાતની આવક વધારનાર પંચાયતોને ગામને મળતી ગ્રાન્ટ ઉપરાંત ૧૦ ટકા સુધીની પરફોમન્સ ગ્રાન્ટ આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ બાબતે તલાટીઓ પુરતી કાળજી લે તે જરૂરી છે તેમજ તેમની માસિક મિટીંગોમાં પણ આ બાબતે ખાસ ભાર મુકવામાં આવે તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તાજેતરની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

# સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલય બાંધવામાં માત્ર ૨૧ ટકા જ કામગીરી

## પાંચ માસમાં માત્ર ૧૧ હજાર શૌચાલયો જ નિર્માણ થઈ શક્યા : વિશ્વબેંક જિલ્લા તંત્ર સાથે સહયોગ કરે છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલય બાંધવાની કામગીરીમાં ઉદાસીન વલણની આકરી ટીકા સરકારમાં થવા પામી છે.

રાજ્યમાં શૌચાલયોના નિર્માણ માટે જિલ્લાઓને બે અલગ અલગ ભાગમાં વહેંચી અને મિશન મોડ પર સરકારે કામગીરી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ ૧-૪-૧૬ થી સપ્ટેમ્બર સુધીમાં જિલ્લામાં માત્ર ૨૧.૫ ટકા જેટલી જ કામગીરી થતાં સરકારે નારાજગી વ્યક્ત કરી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં શૌચાલય નિર્માણની કામગીરી માટે વિશ્વ બેંકને પાર્ટનર તરીકે નિયુક્ત કરવામાં આવી છે તેમજ અહિ સઘન મોનીટરીંગ રાજ્ય કક્ષાએથી થતુ હોવા છતાં ૧૮ જિલ્લામાં ગાંધીનગર જિલ્લાનો નંબર ૧૪મા સ્થાને આવ્યો છે.

૨૦૧૨ના સર્વે પ્રમાણે જે આવાસોમાં શૌચાલયની સુવિધા ના હોય તે તમામને આવરી લેવાનો લક્ષ્યાંક સપ્ટેમ્બર સુધીનો હતો પરંતુ જિલ્લામાં અમલીકરણમાં દેખાયેલા ઉદાસીનતાથી સરકારમાં ઉચ્ચકક્ષાએ સખ્ત નારાજગી પ્રવર્તી રહી છે.

આ માટે ગામ વાર લાયઝન અધિકારીઓ પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા. જિલ્લામાં ૧-૪-૧૬ થી ૭-૯-૧૬ દરમ્યાન માત્રને માત્ર ૧૧,૪૨૫ જેટલા શૌચાલયો નિર્માણ થઈ શક્યા છે. ૧-૪-૧૬ની સ્થિતિએ જિલ્લામાં ૫૩ હજાર જેટલા આવાસોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ ન હતી. આ આંકડા ૨૦૧૨ના બેઝ લાઈન સર્વે પ્રમાણેના છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૨થી ૨૦૧૬ દરમ્યાન પણ ૩૫ હજાર જેટલા જ શૌચાલયો નિર્માણ થઈ શક્યા હતા.

વિશ્વબેંકની ટીમના અધિકારીઓની વારંવારની જિલ્લાની મુલાકાત પછી પણ નબળી કામગીરીને લઈ સરકારમાં જિલ્લા માટે સખ્ત નારાજગી પંચાયત વિભાગમાં પ્રવર્તતી જોવા મળી રહી છે.

તાજેતરમાં જિલ્લાની ત્રણ એન્જીનીયરીંગ કોલેજના ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ પણ આ અંગે અભિયાનમાં જોડાયા હતા પરંતુ નિરાશા સાંપડી છે જે ઉલ્લેખનીય છે.





હાલો અંબાજી - મા-આદ્યશક્તિના ચરણે શીશ ઝુકાવવા રાજ્યના ખૂણે-ખૂણેથી ભાવિકો ભાવ-ભક્તિપૂર્વક પગપાળા જઈ રહ્યા છે... રવિવારે ગાંધીનગરના માર્ગો પરથી બે અનોખા પગપાળા સંઘો પસાર થયા હતા... વૈદિક મંત્રોચ્ચાર સાથે પિતાંબર ધારણ કરી ભાવિકો ભાવપૂર્વક પગપાળા જતા નજરે પડ્યા હતા... જ્યારે રાસ-ગરબાની રમઝટ બોલાવતા-બોલાવતા અંબાજી તરફ જઈ રહેલા પગપાળા સંઘે શહેરમાં આકર્ષણ જમાવ્યું હતું....

# ૧૪મા નાણાં પંચ અંતર્ગત જિલ્લામાં માત્ર ૧૬૦ કામો જ પૂર્ણ થતાં ડી.ડી.ઓ. નારાજ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૧૪મા નાણાંપંચ અંતર્ગત હાથ ધરવાના વિકાસ કામોની ધીમી ગતિથી જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સખ્ત નારાજ થયા છે. જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન માત્ર ૧૬૦ જેટલા કામો જ પૂર્ણ થઈ શક્યા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં વિકાસના કામોની ગતિ અત્યંત ધીમી છે. અહિ માત્ર ૨૧ કામો જ પૂર્ણ થયા છે. આ પછી ગાંધીનગરમાં માત્ર ૩૦ કામ પૂર્ણ થયા છે. દહેગામમાં ૫૩ અને માણસામાં ૫૭ જેટલા કામો પૂર્ણ થઈ ચુક્યા છે.

વિકાસના કામો તેની સમય-મર્યાદામાં પૂર્ણ થાય અને તેનુ મોનીટરીંગ અસરકારક રીતે થાય તેવો આગ્રહ કરતાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ કામગીરીમાં ગતિ આવે તે માટે સૂચવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસના કામોમાં ૨૫ હજારથી ઉપરની કિંમતના કામોના ચુકવણાં પહેલા પ્રિ.ઓડીટ કરવામાં આવે તે માટે પણ આગ્રહ સેવ્યો છે.

જિલ્લામાં વિકાસના કામોની વહીવટી અને તકનીકી મંજૂરી પછી પણ ધીમી ગતિએ જે કામો ચાલી રહ્યા છે તેને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ સપ્તાહના અંતમાં યોજેલી બેઠકમાં સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તેમની સમીક્ષા દરમ્યાન સ્વભંડોળની જોગવાઈમાં પણ વિભાગો દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોવાનું જણાયુ હતુ.

૧૪મા નાણાં પંચમાં વિકાસના કામો જે વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં સૂચવાયા છે તે સમય-મર્યાદામાં જ પૂર્ણ થાય તેવો આગ્રહ કરતાં જણાવ્યું હતું કે પરફોમન્સ ગ્રાન્ટની નીતિ પણ આને આધારિત છે તેથી તેનુ સુયોગ્ય મોનીટરીંગ થાય તે જરૂરી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ નાણાંપંચની ગ્રાન્ટની રકમ ફળવાઈ ચુકી છે તેથી નાણાંની અછત છે તેવુ કહી શકાય નહિ માત્ર ને માત્ર યોગ્ય મોનીટરીંગ સાથે ફંડ યુટીલાઈઝેશનના પ્રમાણપત્ર પણ મોકલવામાં તંત્ર કાળજી લે તેવો આગ્રહ રાખ્યો હતો.

## બેસણું



અમારા પિતાશ્રી **ભોગીલાલ કુબેરદાસ ટાટરીયા**નું તા. ૯/૯/૨૦૧૬ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૨/૯/૨૦૧૬ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૬૧, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર

ટાટરીયા જીગ્નેશભાઈ ભોગીલાલ - ૯૮૨૪૦ ૧૬૯૨૦
ટાટરીયા જતીષભાઈ ભોગીલાલ - ૯૮૨૪૦ ૪૧૭૧૨
ટાટરીયા અલ્પેશભાઈ ભોગીલાલ - ૯૮૨૪૨ ૬૯૦૬૭

## સખેદ બેસણું



અમારા સુપુત્ર ચિરંજીવ જયરાજસિંહ કૃષ્ણસિંહ ચાવડા, વડસ્માનું તા. ૧૦-૯-૨૦૧૬ને શનિવારના રોજ અકાળે અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૨-૯-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી અમારા ગાંધીનગરના નિવાસ સ્થાને રાખેલ છે તથા તેજ દિવસે મારા વતન વડસ્મા, તા. જિ. મહેસાણા મુકામે બપોરે ૨-૦૦ થી ૬-૦૦ સુધી રાખેલ છે.

લિ.

| | |
|---|---|
| કે.એન. ચાવડા, (નાયબ કલેક્ટર) | તખતસિંહ પ્રતાપજી ચાવડા |
| ધર્મેન્દ્રસિંહ નરસિંહજી ચાવડા | જસવંતસિંહ પ્રતાપજી ચાવડા |
| મહેન્દ્રસિંહ નરસિંહજી ચાવડા | અજીતસિંહ રામુજી ચાવડા |

ગાંધીનગરનું નિવાસસ્થાન
પ્લોટ નં. ૧૬૯/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર, (સવારે ૯ થી ૧૨)

વડસ્મા, માઢમાં, તા. જિ. મહેસાણા
બપોરે ૨-૦૦ થી ૬-૦૦

મોસાળ પક્ષનું બેસણું તેજ સ્થળે અને તેજ દિવસે રાખેલ છે.
લિ. રજુજી બબાજી ગોલ, વાવોલ

Gujarat State Non-Resident Gujaratis' Foundation

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન
બ્લોક નં. ૧૬, ત્રીજો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. ૦૭૯-૨૩૨ ૩૮૨૭૮

''વૉક ઈન ઈન્ટરવ્યુ''

અત્રેની કચેરીમાં 'નાયબ હિસાબનીશ' (એક જગ્યા)ની સેવાઓ અત્રેની કચેરીની નાયબ હિસાબનીશની નિયમિત જગ્યા ન ભરાય ત્યાં સુધીનો સમયગાળો અથવા અગિયાર માસ બેમાંથી જે વહેલું હોય તે સમયગાળા માટે લેવા નીચેની વિગતે 'વૉક ઈન ઈન્ટરવ્યુ' યોજવામાં આવેલ છે.

અત્રેની કચેરીની વેબસાઈટ www.nri.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ નિયત અરજીપત્રક સાથે શૈક્ષણિક લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલો સાથે તા. ૧૪/૯/૨૦૧૬ના રોજ ૧૨:૦૦ કલાકે ઉપર્યુક્ત દર્શાવ્યા મુજબ નિયત સમયે અત્રેની કચેરી ખાતે ઉપસ્થિત રહેવા આથી જણાવવામાં આવે છે.

નિયામક
ગુજરાત રાજ્ય બિ.નિ.ગુ. પ્રતિષ્ઠાન
ગાંધીનગર

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2016

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results Quarter ended 30.06.2016 (Unaudited) | Standalone Results Quarter ended 30.06.2015 (Unaudited) |
|---|---|---|---|
| 1 | Total Income from Operations(net) | 25,813.47 | 25,914.31 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 18,807.21 | 17,372.55 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 18,807.21 | 17,372.55 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 12,126.23 | 11,278.96 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 12,105.57 | 11,288.11 |
| 6 | Equity Share Capital (face value of Rs.10/- each) | 56,337.50 | 56,305.02 |
| 7 i. | Earnings per share (EPS) before Extraordinary items | | |
| | a) Basic EPS (Rs.) | 2.15 | 2.00 |
| | b) Diluted EPS (Rs.) | 2.15 | 2.00 |
| | (face value of Rs.10/- each) | (not annualised) | (not annualised) |
| 7 ii. | Earnings per share (EPS) after Extraordinary items | | |
| | a) Basic EPS (Rs.) | 2.15 | 2.00 |
| | b) Diluted EPS (Rs.) | 2.15 | 2.00 |
| | (face value of Rs.10/- each) | (not annualised) | (not annualised) |

Notes:
(1) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)
(2) The above results were reviewed by the Audit Committee in its meeting held on 8th September, 2016 and approved by the Board of Directors of the Company in its meeting held on 9th September, 2016.
(3) The above results are in accordance with the Indian Accounting Standards (Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified / regrouped / restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 9th September, 2016

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com